એપ્રિલ ૨૦૧૮

કિંમત ₹ ૨૦/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## સત્ય બોલો... પણ કેવું ?



અક્રમ એક્સપ્રેસ

# સત્ય બોલો... પણ કેવું ?

## સંપાદકીય

*બાળમિત્રો,*

*આપણને નાનપણથી જ શીખવાડવામાં આવે છે કે હંમેશાં સત્ય બોલવું જોઈએ. આ આપણા આર્ય સંસ્કાર છે.*

*પણ ઘણી વાર સાચું બોલવા જતાં ઊલટું મુશ્કેલી સર્જાઈ જાય છે. ત્યારે આપણને મૂંઝવણ ઊભી થાય છે કે, સાચું બોલ્યું એ ઠીક કર્યું કે નહીં?*

*આનો જવાબ ક્યાંથી શોધવો?*

*પરમ પૂજ્ય દાદાશ્રીએ આ અંકમાં સત્ય કેવું હોવું જોઈએ, એ અંગે સુંદર સમજણ આપી છે. તો આવો, આ અંક વાંચીએ અને એ સમજણને હૃદયગત કરી આપણા જીવનમાં ઉતારીએ.*

*-ડિમ્પલ મહેતા*


**Printer & Published by**

**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

**Owned by**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

**Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.

**તંત્રી તથા સંપાદક:**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૧૦, અંક : ૮
સળંગ અંક : ૧૧૬
**એપ્રિલ ૨૦૧૮**



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# દાદાજી કહે છે...

## શોભે સત્ય, સત્યના રૂપમાં !

*એવું છે, સત્યની હરેક જગ્યાએ જરૂર છે અને જો સત્ય હોય તો વિજય થાય છે. પણ સત્ય એના રૂપમાં હોવું જોઈએ, એની વ્યાખ્યામાં હોવું જોઈએ.*

*એટલે સાચું કોને કહેવાય ? સાચી વાતને સાચી વાત ક્યારે ગણાય ? એકલા સત્ય સામું જોવાનું નથી. એનાં ચાર પાસાં હોવાં જોઈએ.*

૧) સત્ય હોવું જોઈએ.
૨) પ્રિય હોવું જોઈએ.
૩) હિતકારી હોવું જોઈએ.
૪) મિત એટલે ઓછા શબ્દોમાં હોવું જોઈએ, એનું નામ સત્ય કહેવાય.

**એટલે સત્ય, પ્રિય, હિત અને મિત, આ ચાર ગુણાકારે કરીને બોલીશ તો સત્ય છે, નહીં તો અસત્ય છે.**

## ૧) સત્ય હોવું જોઈએ.



*પહેલામાં પહેલું સત્ય હોવું જોઈએ. પોતાનું સાચું ઠરાવવા માટે લોક પાછળ પડે છે. પણ સાચાને સાચું ઠરાવશો નહીં. સાચામાં જો કોઈ સામો માણસ તમારા સાચા સામે વિરોધ કરે તો જાણવું કે તમારું સાચું નથી, કંઈક કારણ છે એની પાછળ. સત્ય બોલતાં સામાને દુઃખ થતું હોય તો આપણને બોલતાં જ નથી આવડતું.*



# ૨) સત્ય પ્રિય હોવું જોઈએ

## નગ્ન સત્ય, ના શોભે !

નગ્ન સત્ય બોલવું એ ભયંકર ગુનો છે. કોઈને દુઃખ થાય એવી વાણી સાચી-સત્ય કહેવાતી જ નથી. નગ્ન સત્ય એ ય જૂઠું કહેવાય.

નગ્ન સ્વરૂપે સત્ય કોને કહેવાય ? કે પોતાનાં મધર હોય તેને કહેશે, 'તમે તો મારા બાપનાં વહુ થાવ !' એવું કહે તો સારું દેખાય ? આ સત્ય હોય તો ય પણ મા ગાળો ભાંડે ને ? મા શું કહે ? 'મૂઆ, મોઢું ના દેખાડીશ તારું !' અરે, આ સત્ય કહું છું. તમે મારા બાપના વહુ થાવ, એવું બધાં કબૂલ કરે એવી વાત છે ! પણ એવું ના બોલાય. એટલે નગ્ન સત્ય ના બોલવું જોઈએ.

## સત્ય, પણ પ્રિય ખપે !

સત્ય સામાને પ્રિય હોવું જોઈએ, એ રીતે બોલાવું જોઈએ. લોક નથી કહેતા કે 'એય, કાણિયા, તું અહીં આવ.' તો એને સારું લાગે ? અને કોઈ ધીમે રહીને કહે, 'ભાઈ, તમારી આંખ શી રીતે ગઈ ?' તો એ જવાબ આપે કે ના આપે ? અને એને કાણિયા કહીએ તો ?! પણ એ સત્ય ખરાબ લાગે ને ? એટલે આ દાખલો મૂક્યો. સત્ય એ પ્રિય જોઈશે.




નહીં તો સત્ય પણ જો સામાને પ્રિયકારી ના હોય તો એ સત્ય ગણાતું નથી. કો'ક ઘૈડા હોય તો તેને 'માજી' કહેવું. એમને 'ડોશી' કહ્યા હોય તો એ કહે, 'મને ડોશી કહે છે ?!' હવે હોય અઠયોત્તેર વર્ષનાં, પણ પેલા 'ડોશી' કહે તો પોષાય નહીં. શાથી ? એમને અપમાન જેવું લાગે. એટલે આપણે એમને 'માજી' કહીએ, કે 'માજી આવો.' તો એ રૂપાળું દેખાય અને તો એ ખુશ થઈ જાય. 'શું ભાઈ, પાણી જોઈએ છે ? તમને પાણી પાઉં ?!' કહેશે. એટલે પાણી-બાણી બધું ય પાય.

## ૩) હિતકારી, તો જ સત્ય !



પછી સત્ય એ એકલું પ્રિય નહીં પણ સામાને હિતકર પણ હોવું જોઈએ. સામાને ફાયદાકારક હોવું જોઈએ, તો સત્ય ગણાય. સામાને હિત ના થતું હોય તો એ શું કામનું ?! આપણે નાના બાબાને રસ્તાની માટી ખાતાં અટકાવવા કહીએ, 'જો તળાવ પર એક ડાકણ' રહે છે, તે માટી ખાય એને પકડીને લઈ જાય છે.....' એમ ગમે તે રસ્તે આપણે એને બીવડાવીએ તો એ અસત્ય છે, છતાં હિતકારી છે ને ?! તો એ સત્ય ગણાય.




પ્રશ્નકર્તા : પણ હિતકારી હોય તે સામાન્ય રીતે સામાને પ્રિય નથી લાગતી.

દાદાશ્રી : હિતકારી વાત તો કેવી હોય ? સામા માણસને મારીએ તો ય પેલો સાંભળે. કારણ કે પોતે સમજી જાય કે મારા હિતને માટે કહે છે.

## ૪) મિત વિનાનું સત્ય, કડરૂપું !

હવે એટલેથી ય નહીં પાછું. એવી ત્રણેય ચીજ એક માણસે કરી, સત્ય કહ્યું, પ્રિય લાગે એવું બોલ્યા, હિતકારી લાગે એવું બોલ્યા. પણ આપણે કહીએ, 'હવે બહુ થઈ ગયું, તમારી વાત બધી સમજી ગયો. તમે મને સલાહ આપી, ને એ મને સમજણ પડી ગઈ, હવે હું જાઉં છું.' તો એ આપણને શું કહેશે ? 'ના, નથી જવાનું. ઊભો રહે. મારી વાત પૂરી સાંભળ. તું સાંભળ પણ.' એ પાછું અસત્ય થઈ ગયું. એટલે મિત કહ્યું ભગવાને ત્યાં આગળ. મિત એટલે પ્રમાણમાં હોવું જોઈએ. થોડાક શબ્દમાં ના હોય તો સત્ય ગણાતું નથી. કારણ કે વધુ પડતું બોલે તો સામો માણસ કંટાળે, એ સત્ય ગણાતું નથી. એ સત્ય કરતાં રેડિયો સારો કે આપણે જ્યારે સ્વીચ બંધ કરવી હોય તો કરી શકીએ ! એટલે વધારે પડતું, એક્સેસ બોલવાનું થઈ ગયું એ ય જૂઠું થઈ ગયું.





મિત એટલે સામાને ગમે એટલી જ વાણી, જરૂરિયાત પૂરતું જ બોલે, વધારે ના બોલે, સામાને વધારે પડતું લાગે તો બંધ કરી દે.

# ચાર પાસાંનું સત્ય



*રાત પડી એટલે બેડ ટાઈમ સ્ટોરીબુક પપ્પાના હાથમાં થમાવીને મિત પલંગ પર સૂઈ ગયો. પપ્પા, મિતની બાજુમાં ગોઠવાઈ ગયા. “ચાલ, આજે પિનોકિયોની વાર્તા વાંચીએ,” કહી પપ્પાએ વાર્તા શરૂ કરી.*

*વર્ષો પહેલાંની આ વાત છે. એક વૃદ્ધ કાર્પેન્ટર હતો. નામ એનું જીપેટો. એક દિવસ જીપેટોએ લાકડાના ટુકડામાંથી એક સુંદર બાળકનો આકાર બનાવ્યો. આ લાકડાના બાળકનું નામ એણે પિનોકિયો પાડ્યું. જીપેટોને ઈચ્છા થઈ, “કાશ ! આ બાળક જીવંત હોત !” એક પરીએ આ ઈચ્છા સાંભળી. અને એણે પૂતળામાં જીવ પૂરી દીધો.*




*જીવ તો પુરાયો, પણ પિનાકિયો રહ્યો તો લાકડાનો જ ! પરીએ શરત કરી કે જો પિનાકિયોને મનુષ્ય બનવું હશે તો એણે ડાહ્યા બનવું પડશે. પિનોકિયો ખૂબ નટખટ હતો. તે ઘણીવાર જૂઠું બોલતો. જ્યારે જ્યારે એ જૂઠું બોલતો, ત્યારે એનું લાકડાનું નાક એક ઈંચ લાંબું થઈ જતું. આવું થાય ત્યારે એ ડાહ્યા રહેવાનું પ્રોમિસ આપતો. પણ તરત પાછો પોતાનું પ્રોમિસ ભૂલી જતો.*

*એક વાર પિનોકિયો એના મિત્રોના કહેવાથી સ્કૂલ મિસ કરીને એમની સાથે સર્કસમાં જોડાવા એક ટાપુ પર ગયો. ત્યાં, એને જીપેટો ખૂબ યાદ આવતો.*

*આ બાજુ, જીપેટો, પિનોકિયોને શોધવા નીકળી પડ્યો. માર્ગમાં જીપેટોને અકસ્માત નડ્યો અને એક વ્હેલ માછલી એને ગળી ગઈ. આ વાતની જાણ થતાં, પિનોકિયોએ જાનના જોખમે, જીપેટોને બચાવ્યો. પિનોકિયોની બહાદુરી અને જીપેટો માટેની લાગણી જોઈને પરી ખુશ થઈ અને એને મનુષ્ય બનાવી દીધો. ખાધું-પીધુંને સુખેથી રહ્યા.*

વાર્તા પૂરી થતાં જ પપ્પા હસીને બોલ્યા, "ખબર છે, મિતુ ? નાનપણમાં, જ્યારે હું જૂઠું બોલતો ત્યારે તરત અરીસા સામે દોડી જતો અને નાક ઉપર હાથ ફેરવીને ચેક કરતો કે મોટું થયું છે કે...! અને ઘરમાં બધાને ખબર પડી જતી કે હું જૂઠું બોલ્યો હતો ! ઈઝન્ટ ઈટ ફની ?" મિત સામે જોયું, તો એ સૂઈ ગયો હતો. એના માથે હાથ ફેરવી, લાઈટ બંધ કરી, પપ્પા પણ સુઈ ગયા.

સવાર પડી. પણ પિનોકિયોની વાત મિતના મનમાંથી ગઈ નહોતી. નાસ્તો કરતાં મિતે પપ્પાને પૂછ્યું, "પપ્પા, પિનોકિયો જ્યારે જૂઠું બોલતો ત્યારે એનું નાક લાંબું થઈ જતું. શું ખરેખર એવું બની શકે ?" પપ્પાએ રમૂજમાં કહ્યું, "યુ નેવર નો... થશે તો ખબર પડશે."



ક્લાસમાં પણ, મિતના મનમાં પિનોકિયો અને એના લાંબા નાકના વિચારો ચાલી રહ્યા હતા, "શું જૂઠું બોલીએ તો ખરેખર નાક લાંબુ થાય ?" ત્યાં રીસેસનો બેલ વાગ્યો.

કોરીડોરમાં બધા છોકરાઓ પપ્પુની પાછળ હસી રહ્યા હતા. પણ જ્યારે પપ્પુ પાછળ જુએ ત્યારે બધા ચૂપ થઈ જતા. પપ્પુને કંઈક શંકા ગઈ એટલે એણે સામેથી આવતાં મિતને પકડ્યો અને દબાયેલા અવાજે પૂછ્યું, "એ મિતુડા ! શું મારી પાછળ છોકરાઓ મારી હાંસી ઉડાવી રહ્યા છે ? સાચું બોલજે નહીં તો..."

મિતે છોકરાંઓને પપ્પુના પગ તરફ ઈશારો કરીને મોઢું દબાવીને હસતાં જોયા. મિતે નીડરતાથી જવાબ આપ્યો, "તારા કામ એવા હોય તો બધાં મશ્કરી જ કરે ને ? આમ તો તું કેટલી બધી હોશિયારી મારે છે, પણ જો તો ખરો, ડફોળની માફક બેઉ પગમાં મોજા તો અલગ રંગના પહેર્યા છે." આ સાંભળીને પપ્પુ ગુસ્સાથી ધૂંઆપૂંઆ થઈ ગયો. એણે મિતના મોં પર એક મુક્કો માર્યો અને ધમધમ કરતો


ત્યાંથી ચાલ્યો ગયો. મિતનું નાક સૂજીને લાલ ચોળ થઈ ગયું.

મિતના મિત્ર સોનુએ દૂરથી આ દ્રશ્ય જોયું. તરત દોડીને એ મિત માટે આઈસપેક લઈ આવ્યો. મિતના નાક પર આઈસપેક મૂકીને કહ્યું, "તારે એને સાચું કહેવાની શી જરૂર હતી ? ખબર તો બધાને હતી જ ને ? જોયું ને, સાચું બોલવાનું પરિણામ ! હું એની સાથે પંગો નથી લેતો તો એને મારી સાથે કેવું ફાવે છે ને !"

સોનુની વાત સાંભળી મિતે તરત પ્રતિકાર કર્યો, "ખોટા વહેમમાં રહીશ નહીં કે પપ્પુને તારી સાથે બહુ ફાવે છે. એક દિવસ પપ્પુ તારા વિષે એવું બોલી રહ્યો હતો કે, "કોણ પેલો સોનુડો ? એ કંઈ મારો ફ્રેન્ડ નથી, ચમચો છે. ડરપોક, આખો દિવસ મારી ચાપલૂસી કરે છે. એને તો મારું હોમવર્ક કરાવવા માટે સાથે રાખ્યો છે. એના વગર મારું કંઈ અટકે નહીં. એના જેવા બીજા ઘણાય મળે."

આ સાંભળીને, સોનુના આંખમાં આંસુ આવી ગયા અને એ ત્યાંથી નાસી ગયો. મિત સોનુની પાછળ ભાગ્યો, "સોનુ...સોનુ...ઊભો રહે... મારી વાત સાંભળ..." સોનુ રેસ્ટરૂમમાં ભરાઈ ગયો અને અજાણતાથી મિતના મોઢા પર ધડામ દઈને, રેસ્ટ રૂમનું બારણું બંધ કર્યું.

વાગેલા ઉપર જ ફરી વાગ્યું અને મિતનું નાક સુજીને વધુ મોટું થઈ ગયું. નાકમાંથી ટપ ટપ લોહી ટપકવા લાગ્યું. ત્યાં રીસેસ પૂરી થવાનો બેલ વાગ્યો. ક્લાસમાં જતાં, ટીચરે મિતને જોયો. "ઓહ ડીયર, તને તો બહુ વાગ્યું છે. ચાલ, તને ડ્રેસિંગ કરી આપું," કહી, ટીચર મિતને પોતાની ઓફિસમાં લઈ ગયા.



"આટલું બધું તોફાન કેમ કરો છો ! એકબાજુ મને ક્લાસમાં જવાનું મોડું થાય છે..."

ટીચરની વાત વચ્ચે જ અટકાવીને મિત બોલ્યો, "ટીચર, તોફાન નહોતો કરતો. તમને ખબર છે આજે શું થયું ? પપ્પુએ છે ને..."

"મિત, હમણાં બોલ નહીં ને અહીંયા જો," ટીચરે મિતને ટોક્યો. પણ મિતે ટીચરની વાત ના સાંભળી અને ફરી બોલવા લાગ્યો, "પણ ટીચર, સાંભળો તો ખરા... એવું બન્યું કે પપ્પુને મેં સાચું જ કહ્યું હતું પણ...," મિત બોલતાં બોલતાં આડો અવળો થઈ રહ્યો હતો અને અજાણતાથી ટીચરનું માથું મિતના નાક પર ભટકાયું. મિતથી મોટી ચીસ પડી ગઈ.

"આઈ એમ વેરી સોરી મિત ! પ્લીઝ, હવે હલ્યા વગર ચૂપચાપ બેસે તો હું તારા નાક પર ડ્રેસિંગ કરીને પટ્ટી કરું," ટીચરના અવાજમાં હવે ખૂબ અધીરાઈ જણાઈ રહી હતી. મિતનું ડ્રેસિંગ પતાવી, ક્લાસમાં પહોંચતા ટીચરને મોડું થયું

અને એમને પ્રિન્સિપલ સાહેબનો ઠપકો મળ્યો.

પટ્ટી થયા પછી મિતનું નાક મોટું મસ બની ગયું. ક્લાસમાં કોઈકે મિતને 'પિનોકિયો' કહીને ચીડવ્યો. એ સાંભળી મિતને થયું, "અરે હા! આ તો જબરું થયું. સાચું બોલીને પણ મારું નાક મોટું બની ગયું."

સાંજે મિતે પપ્પાને આખી વાત માંડીને કહી. "પણ પપ્પા, મને એક વાતની સમજણ ના પડી. પિનોકિયો જૂઠું બોલતો ત્યારે એનું નાક મોટું થતું. પણ મારી સાથે તો ઊલટું જ બન્યું. જેટલી વાર હું સાચું બોલ્યો એટલી વાર મારું નાક મોટું થયું," મિતે પોતની મૂંઝવણ રજૂ કરી.

પપ્પાના મુખ પર આછું સ્મિત આવી ગયું. "બેટા, જૂઠું તો કદી ના બોલાય. સાચું જ બોલવું જોઈએ. પણ તું જાણે છે સાચું કોને કહેવાય? સાચી વાતના ચાર પાસા હોવા જોઈએ."

"ચાર પાસા?" મિતને સાંભળીને નવાઈ લાગી.

"હા, ચાર પાસાં."

૧. એ વાત સત્ય હોવી જોઈએ.

૨. વાત પ્રિય હોવી જોઈએ. સામાને કડવી લાગે એવી રીતે સાચી વાત ના બોલાય.

૩. એ વાતમાં સામાનું હિત હોવું જોઈએ અને

૪. વાત ઓછા શબ્દોમાં ટૂંકાણમાં કહેવી જોઈએ. વધુ પડતું બોલીએ અને સામો કંટાળે એ સત્ય ના ગણાય.

હવે, તું જ કહે આખા દિવસમાં તારી એકેય વાતમાં સત્ય હતું?

મિત વિચારમાં પડી ગયો.

પપ્પાએ ખુલાસો કર્યો, "દીકરા, પપ્પુને તેં સાચી વાત કડવી વાણીમાં કહી. સોનુને જે વાત કહી એમાં એનુ હિત હતું?"

"ના, પપ્પા, એ વાતમાં સોનુનું સહેજે હિત નહોતું," થોડો વિચાર કરીને મિત બોલ્યો, "અને ટીચરને પણ વાત શોર્ટમાં કહેવાના બદલે, લાંબી કરીને કહી અને એમનો ટાઈમ વેસ્ટ કર્યો. એનો મતલબ એમ કે આખા દિવસમાં હું સત્ય બોલ્યો જ નથી."


પોતાના નાક પર હાથ રાખીને મિત બોલ્યો, "પપ્પા, કાલે હું પપ્પુ, સોનું અને ટીચરને દિલથી 'સોરી' કહી, માફી માંગી લઈશ. પિનોકિયો જેમ ડાહ્યો બની ગયો હતો, એમ હું પણ તમારો ડાહ્યો દીકરો બની જઈશ."

પપ્પાએ પ્રેમથી મિતના માથે હાથ ફેરવ્યો.

સવારે, મિતના નાક પરનો સોજો ઊતરી ગયો હતો અને ઘા પણ રુઝાઈ ગયો હતો. અરીસામાં પોતાનું પ્રતિબિંબ જોઈને મિત મીઠું હસ્યો અને મનોમન પોતાની જાતને પ્રોમિસ આપ્યું, "હવેથી હું હંમેશાં ચારેય પાસાં તપાસીને સત્ય બોલીશ."

# વચનબળ



એક સુંદર મજાનું જંગલ હતું. જંગલમાં એક ઝાડ ઉપર સુગરી રહેતો અને ઝાડની બખોલમાં સસલું રહેતું.
એક દિવસ ધોધમાર વરસાદ પડ્યો. ઝાડ ઉપર વાંદરો આવીને બેઠો. ઠંડીથી એ થર થર ધ્રૂજી રહ્યો હતો.
આ જ પ્રોબ્લેમ છે ને તારા જેવા રમતિયાળનો. સારી સીઝનમાં ખરાબ સીઝનનું ના વિચારાય ?
વાંદરાએ સુગરીની વાતની દરકાર ના કરી.


અમે ઉનાળામાં મહેનત કરીને સમયસર સુંદર માળો બનાવીએ અને ચોમાસામાં નિરાંતે વરસાદની મજા માણીએ. જો કૂદાકૂદમાં તેં સમય ન વેડફ્યો હોત તો આજે આમ થથરવું ના પડત.
હવે વાંદરાનો પિત્તો ગયો. ધડામ દઈને સુગરીના ઝાડ પર કૂદયો અને એનો માળો ફેંદી નાખ્યો. સુગ્રીવને ડોકથી ઊંચકીને હવામાં અધ્ધર પકડ્યું.
બચાવો, બચાવો
સસલાએ સુગરીનો અવાજ સાંભળ્યો અને તરત જ પોતાની બખોલમાંથી આવ્યો.
અરે, વાંદરાભાઈ. જુઓને... પેલા ઝાડમાં બખોલ સાવ ખાલી છે. તમે ત્યાં જઈને વિસામો કેમ નથી લેતા ?
વાંદરાએ સુગરીને છોડી દીધો અને કૂદીને બખોલમાં પેસી ગયો. આ જોઈ, સુગરીને ખૂબ નવાઈ લાગી.


તારી વાત વાંદરાએ તરત માની લીધી. તો મેં એને શું ખોટું કહેલું ?
વણમાગી સલાહ સાંભળવી કોને ગમે ? સાચી વાત પણ સમય, સંજોગ અને પાત્ર જોઈને કહેવાય. વધારે બોલીને વાણી વેસ્ટ કરવાનો શું ફાયદો ?
ત્યાં તો વાઘની ત્રાડ સંભળાઈ. સૂતેલા શિયાળને જગાડીને....
ઊઠ, શિયાળ અને બોલ કે મારા મોઢામાંથી શેની ગંધ આવે છે ?
જો મારો જવાબ વાઘને નહીં ગમે તો આવી બનશે.
અહાહા. ગંધ નહીં, વનરાજ. સુગંધ કહો.. સુગંધિત ફૂલ-ફળ જેવી આહલાદ્ક સુગંધ.
ચાપલૂસ શિયાળ ! હું વાઘ છું. ગાય-ભેંસ નહીં કે ફૂલ-ફળ ખાઉં...ઊભો રહે...જૂઠા...
વાઘે શિયાળ પર તરાપ મારી અને શિયાળ જાન બચાવીને નાઠું.
કોઈ છે અહીં જે મને જવાબ આપે ?
અહીં સુધી તારા મોંની એટલી દુર્ગંધ આવે છે કે શ્વાસ લેવો મુશ્કેલ છે. કોણ જાણે કયા પ્રાણીનો શિકાર થયો છે તારા ક્રૂર હાથે.
વાઘે ગર્જના કરી અને સુગરી ડરીને ઊડી ગયું.



ચાલ સસલા, તું બોલ. શું મારું મોઢું ગંધાય છે ?
સસલું બે ક્ષણ માટે ચૂપ થઈ ગયું. પછી એણે જોરથી છીંક ખાધી.
વાઘભાઈ, આ વરસાદમાં ભીંજાઈને મને શરદી થઈ ગઈ છે અને નાક તો જાણે કામ જ નથી કરતું.
વાઘ શાંતિથી ચાલ્યો ગયો. સુગરીના આશ્ચર્યનો પાર ના રહ્યો.
વાઘ જેવો વાઘ પણ આ સસલાની વાત માની લે છે. એવું તો શું હશે આ સસલામાં ? ચાલ, પેલા સમજદાર ઘુવડને આ વાતનું રહસ્ય પૂછું...
ઘુવડભાઈ, એવું તો શું છે આ સસલામાં કે બધાને જ એની વાત માન્ય હોય છે ?
વચનબળ છે.
શું તેં કોઈ દિવસ સસલાને શિયાળની જેમ, કોઈની કે પોતાની ખોટી પ્રશંસા કરતાં સાંભળ્યો છે ?
ના.
શું તેં ક્યારેય સસલાને વાઘની જેમ કોઈને ડરાવતા જોયો છે ? કોઈની મશ્કરી કરીને દુઃખ આપતાં જોયો છે ? તારી જેમ ફોગટની બકબક કરતાં સાંભળ્યો છે ?
ના, ક્યારેય નહીં.



સસલું ક્યારેય પોતાની સત્ય વાતથી કોઈને દુઃખ નથી આપતું. અને તેથી જ સસલામાં એવું વચનબળ છે કે વાઘ પણ એની વાત માને છે.
ત્યાં તો હાથીભાઈ સસલાભાઈનું તેડું લઈને આવ્યા...
સસલાભાઈ, સસલાભાઈ, વનના પ્રાણીઓમાં એક બહુ મોટો ઝઘડો થયો છે. પ્લીઝ, તમે આવીને સોલ્વ કરી આપશો ?
સસલાભાઈ ઝટ દઈને, હાથીની પીઠ પર ગોઠવાઈ ગયા. હવે, સુગરીને આશ્ચર્ય નહીં, પણ ખાતરી હતી કે સસલાભાઈના બે શબ્દથી ઝઘડો સોલ્વ થઈ જશે.

# ચાલો રમીએ...

૧. ડ્રમ ૪ પર ઊભા રહેલા હાથીના બોલનો નંબર શું શોધો ?




૨. નીચે આપેલા નંબરમાં પ્રશ્નાર્થચિહ્નની જ્યાએ કયો નંબર આવશે ?



# ઐતિહાસિક ગૌરવગાથા

એકવાર લક્ષ્મીજી અને દશામા અલક-મલકની વાતો કરતાં હતાં. ત્યાં તો નારદજી ત્યાંથી પસાર થયા. એમણે બંને દેવીઓને આદર ભાવથી પ્રણામ કર્યા. પછી ટેવ પ્રમાણે બંને દેવીઓની સ્તુતિ કરવા લાગ્યા. દેવીઓએ પ્રસન્ન થઈને એમને આશીર્વાદ આપ્યા અને નારદજી એમની રજા લઈને ત્યાંથી આગળ નીકળ્યા.

બંને દેવીઓને થયું, આ નારદમુનિ હંમેશાં બધાને ગમતું બોલે છે, કદી કોઈને સાંભળવું ના ગમે એવું અપ્રિય બોલતાં જ નથી. પરંતુ અસત્ય પણ ક્યારેય બોલતાં નથી. કંઈક એવું ગોઠવવું જોઈએ કે એમણે અપ્રિય અથવા અસત્ય બોલવું જ પડે.

બંને દેવીઓએ નારદજીની ટીખળ કરવાનું નક્કી કર્યું. તેઓ એમની પાસે ગયા. લક્ષ્મીજી બોલ્યા, "નારદમુનિ! તમે જ કહો કે અમારામાંથી કોણ વધુ સારું લાગે છે?"

દશામાએ ઉમેર્યું, "સમજી વિચારીને ઉત્તર આપજો, નારદમુનિ! જો જો, તમારા ઉત્તરથી જગતના લોકો માટે કોઈ તકલીફ ના સર્જાય."

નારદજી મૂંઝવણમાં પડી ગયા.

નારદજીએ બંને દેવીઓને બે હાથ જોડીને વિનંતી કરી, "શું કામ આપના બાળકની આવી અઘરી પરીક્ષા લો છો, માતાઓ? જગતના જીવોને તમારા બંનેની કૃપા વગર ચાલે એમ નથી. લક્ષ્મીમાની કૃપાથી લોકોને સમૃદ્ધિ રહે અને દશામાની કૃપાથી લોકો દુ:ખ તકલીફોથી દૂર રહે."



દશામાંએ લક્ષ્મીજી સામે આછું સ્મિત આપ્યું અને બોલ્યા, "ઉત્તર તો આપવો જ પડશે, નારદજી. ના આપવાનો વિકલ્પ જ નથી."

નારદજીએ બંને દેવીઓની પ્રદક્ષિણા કરી અને વિનમ્રતાથી બોલ્યા, "લક્ષ્મીમાં, તમે આગળથી દશામાં કરતાં સારા દેખાઓ છો, અને દશામા, તમે પાછળથી લક્ષ્મીમા કરતાં વધુ સારા લાગો છો." બંને દેવીઓ વિચારમાં પડી ગઈ. લક્ષ્મીજીએ પૂછ્યું, "આ કેવો ઉત્તર છે, નારદ?"

દશામાએ પણ કહ્યું, "તમારા ઉત્તરને બરાબર સમજાવો, નારદ!"

નારદજીએ ફોડ પાડીને કહ્યું, "સત્ય છે માતાઓ, લક્ષ્મી માતા આવતાં સારા લાગે છે, એમને આવતાં જોઈ પ્રસન્નતા રહે છે. દશામા જતાં સારા લાગે છે. તકલીફોનો કાળ પૂરો થાય એટલે શાંતિ અનુભવાય છે."

આ સાંભળી બંને દેવીઓ પ્રસન્ન થઈ અને નારદજીને ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા.

# જીવંત ઉદાહરણ

## ૧. જુલિયન એફ. ડેટમેર



ઈ.સ. ૧૮૮૫ માં ન્યુયોર્કમાં જુલિયન ડેટમેરે ગરમ કપડાંની મોટી ડેટમેર વુલન કંપનીની સ્થાપના કરી.

કંપનીના એક ગ્રાહકે, કંપનીને પંદર ડોલર ચૂકવવાના હતા. પણ ગ્રાહકને આ વાત મંજૂર નહોતી. એ વખતમાં, પંદર ડોલરની રકમ ઘણી મોટી ગણાતી. કંપનીના ક્રેડીટ ડીપાર્ટમેન્ટે અસંખ્ય વાર ગ્રાહકને આ ચૂકવણી કરવા માટે યાદ દેવડાવ્યું. પણ, ગ્રાહકને એ વાત માન્ય જ નહોતી કે એને પૈસા ચૂકવવાના બાકી હતા.

એક દિવસ, અત્યંત રોષે ભરાઈને, એ ગ્રાહક, ડેટમેરની ઓફિસમાં ધસી આવ્યો અને ડેટમેરને બહુજ ખરું ખોટું સંભળાવ્યું. અને અંતે એમ પણ કહ્યું, "ડેટમેર વુલન કંપનીમાંથી હવે એક ડોલરનો પણ માલ નહીં ખરીદું."

ડેટમેરને પૂરો વિશ્વાસ હતો કે ગ્રાહકની વાત ખોટી હતી. તેમ છતાંય, તેમણે પોતાની સત્ય વાતનો આગ્રહ ગ્રાહક સામે ના કર્યો. ગ્રાહકની બધી જ કડવી વાતો શાંતિ અને ધીરજપૂર્વક સાંભળી. અંતે, જ્યારે ગ્રાહકનો ઊભરો શમ્યો, ત્યારે ડેટમેરે એમને કહ્યું, "શક્ય છે કે અમારી કોઈ ભૂલ થઈ હોય. અમારા ક્રેડીટ ડીપાર્ટમેન્ટે તમને પજવ્યા, તે બદલ હું માફી માંગું છું. હવે, ફરી એવું નહીં થાય." અને ખૂબ જ નિખાલસતાથી ડેટમેરે ગ્રાહકને બીજા વુલન હાઉસની ભલામણ કરી.


ડેટમેરના નિર્મળ શબ્દો ગ્રાહકને સ્પર્શી ગયા. ડેટમેરમની વાતનો પડઘો ગ્રાહક પર એવો સુંદર પડ્યો કે એમણે ઘરે જઈ, ફરી બિલ તપાસ્યું. બિલ તપાસતાં ગ્રાહકને ખ્યાલ આવ્યો કે ખરેખર ભૂલ પોતાની જ હતી.

તુરંત જ એમણે પંદર ડોલરના ચેક સાથે, કંપનીને એક માફી પત્ર લખીને મોકલાવ્યો. સાથે સાથે કંપનીને એક બહુ જ મોટો કપડાનો ઓર્ડર પણ આપ્યો. જિંદગીભર તેઓ ડેટમેર કંપનીના વિશ્વાસુ ગ્રાહક રહ્યા. એટલું જ નહીં, પણ એ ગ્રાહકે પોતાના નવા જન્મેલા પુત્રનું મિડલ નેમ, પણ 'ડેટમેર' રાખ્યું.

મિત્રો, દરેકને પોતાની વાત સત્ય જ લાગે ને ? પણ, જો આગ્રહ રાખીએ તો એ વાત કડવી બની જાય. પોતાની સત્ય વાતનો આગ્રહ રાખ્યા વગર, દુઃખ ના થાય અને સમાધાન રહે એવા શબ્દ કહી, ડેટમેરે જિંદગીભર માટે ગ્રાહકને જીતી લીધા.

# ૨. જ્યોતીન્દ્ર દવે

હાસ્ય લેખક જ્યોતીન્દ્ર દવે સુરતની એક કૉલેજમાં ફેલો હતા ત્યારે મહાકવિ નાનાલાલનું ભાષણ ત્યાં યોજવામાં આવ્યું. બધી તૈયારીઓ થઈ ગયા પછી અતિથિગૃહથી ભાષણના સ્થળ સુધી કવિને લઈ આવવાનું કામ જ્યોતીન્દ્ર દવેને સોંપવામાં આવ્યું.



તેઓ અતિથિગૃહ પહોંચ્યા. કવિએ અમસ્તા ઔપચારિકતા ખાતર જ્યોતીન્દ્રને પૂછ્યું, 'તમે કવિતા કરો છો?'

મશ્કરા સ્વભાવના જ્યોતીન્દ્રે રમૂજમાં ફટ દઈને જવાબ આપ્યો 'એ મૂર્ખાઈ હું નથી કરતો!'

નાનાલાલનો ચહેરો એક ક્ષણમાં લાલાચોળ થઈ ગયો, 'હું કવિતા કરું છું એ શું મૂર્ખાઈ છે?' એમણે ગુસ્સે થઈને કહ્યું.

જ્યોતીન્દ્રના આ વ્યવહારને કવિએ પોતાનું અપમાન ગણ્યું અને ભાષણ માટે જવાની 'ના' પાડી.

તરત જ જ્યોતીન્દ્રે કવિને મનાવતાં સ્પષ્ટતા કરી, 'સાહેબ, ખરેખર મારા કહેવાનો આશય એ હતો કે, જો હું કવિતા કરું તો તે મૂર્ખતા કહેવાય, અને જો તમે કવિતા ન કરો તો તે મૂર્ખતા કહેવાય.'

આ સાંભળીને નાનાલાલ હસી પડ્યા.

પોતાના અહિતકારી અને અપ્રિય શબ્દોને સુંદર રીતે વાળીને, જ્યોતીન્દ્રે બગડેલી બાજી સુધારી લીધી.

## પઝલના જવાબ :

૧. જવાબ : ૧૨ — હાથીના બોલની ઉપર લખેલ નંબર તેના બંને બાજુના હાથીના ડ્રમનો સરવાળો છે.

૨. જવાબ : ૭ — નંબર ૪ થી ચાલુ કરતાં ઘડિયાળના કાંટાની જેમ જમણી બાજુ આગળ વધતે ક્રમે.....



# ગુરૂકૂળ ખાતે આંમત્રિત પૂજ્યશ્રી
# *Theme : Akram Engineer Workshop*

ગમ્મત સાથે જ્ઞાન

*Welcome*





ઈન્ફોર્મલ



પ્રશ્નોત્તરી





પુરસ્કાર વિતરણ



ગ્રુપ ફોટો

Akram Express

**April 2018**
**Year : 10, Issue : 8**
**Conti. Issue No.: 116**


Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post office
on 08th of every month



## બાળવિજ્ઞાન પ્રસ્તુત

# ટેલ ઓફ ઓરીગ્સ *Pack-2* (બુક્સ) વિમોચન કરતાં પૂજ્યશ્રી...










**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #**. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.